# ધાનેરાના પૂરગ્રસ્ત પીડિતો સાથે રૂપાણી સરકારે મજાક કરી

## પીડિતોને મકાન સહાય પેટે ૨, ૫, ૮ અને ૧૨ હજારના ચેક આપ્યા : લોકોએ સરકાર સામે ફિટકાર વરસાવી ચેક પરત કર્યા : ધાનેરામાં રાજકીય કિન્નાખોરી કરી સહાય ચૂકવાઈ છે : જયેશ સોલંકી

ધાનેરા માં પૂરગ્રસ્ત લોકો સાથે જાણે સરકાર માજાગ કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે લોકો ના ઘર સહીત



સામગ્રી પણ વરસાદી પૂર માં તણાઈ જવા પામી છે ત્યારે ગુજરાત ની સરકારે આવા અસર ગ્રસ્ત લોકો સહાય પેટે બે હજાર પાંચ હજાર અને આઠ હજાર ના ચેક આપતા લોકો એ સરકાર સામે ફિટકાર વરસાવ્યો હતો અને સરકાર ના ચેક સરકાર ને પરત કર્યા છે.

ધાનેરા માં પૂર ની પરિસ્થિતિ બાદ લોકો પાયમાલ બની ગયા છે લોકો પાસે ખાવા અનાજ નથી બચ્યું કે નથી બચ્યું રહેવા ઘર ત્યારે આવા લોકો ને સહાય આપવાની મોટી મોટી વાત કરતી ગુજરાત ની રૂપાણી સરકાર જાણે આ અસર ગ્રસ્ત લોકો ની માજાગ ઉડાવી રહી હોય તેવું લાગી રહ્યું છે ગુજરાત ના મુખ્યમંત્રી ધાનેરા આવી લોકો ને સહાય આપવાનું આશ્વાસન આપતા લોકો માં ખુશી જોવા મળી હતી પરંતુ સરકારે આવા લોકો સાથે માજાગ કરતા લોકો ની ખુશી અત્યારે ગમમાં ફેરવાઈ ગઈ છે જે લોકો ના ઘર પૂર માં તણાઈ ગયા તેવા લોકો ને સરકારે સહાય પેટે અને ઘર બનાવવા માટે ચેક આપ્યા છે પણ આ ચેક ની રકમ તમે સાંભળશો તો તમને પણ આવું લાગશે કે સરકારે ધાનેરા માં સહાય નહિ પણ સહાય ના નામે પૂરગ્રસ્તો સાથે માજાગ કરી છે જે લોકો નું સંપૂર્ણ ઘર ધરાશાય થયું છે તેવા લોકો ને દાસ થી બાર હજાર ના ચેક આપ્યા છે જે લોકો ના ઘર ની એક દીવાલ પડી ગઈછે તેવા લોકોને ૨ થી ૫ હજાર ના ચેક આપ્યા છે હવે તમેજ કહો કે આટલી મોંઘવારી માં આ રકમમાં ઘર બની શકે, તો પછી ગુજરાત ની રૂપાણી સકારે લોકો સાથે માજાગ નથી કરી તો શું કર્યું છે. પૂરગ્રસ્ત લોકો આવા ચોક જોઈ ચોકી ગયા હતા અને સરકાર સામે ફિટકાર વારવાસી ચેક પરત કર્યા છે.

ધાનેરા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટે જણાવ્યું હતુ ગુજરાત સરકાર ધ્વરા જે મકાનો માટે સર્વે કરવામાં આવ્યું છે તે સર્વે આંખે પાટા બાંધીને કરવામાં આવ્યું છે કાટો એકજ જગ્યા પાર બેસીને સર્વે કરી ચાલ્યા ગયા છે જો સર્વે લોકો ને ઘરે જય કર્યું હોત તો આવી રીતે સહાય ન ચૂકવાઈ હોત અને ધાનેરા માં તંત્ર કામગીરી ની મોટી મોટી વાતો કરી રહ્યું છે કે અમે ૭૦ ટાકા કામ પૂર્ણ કરી દીધું છે પણ ધાનેરા ના કેટલાય વિસ્તાર અત્યારે ગંદકીમાં ગરકાવ છે અને લોકો ને જીવવું પણ મુશ્કેલ બની ગયું છે અગાઉ પણ ધાનેરા માં ભારે રોગચાળાને લઈ ૬ થી વધુ લોકો મોટ ને ભેટ્યા હતા અને હવે જો રોગચાળો ફાટ્યો અને કોઈ જાનહાની સર્જાઈ તો તેના માટે જવાબદાર ગુજરાત સરકાર રહેશે ધાનેરા નગરપાલિકા કોર્પોરેટર ના



પુત્ર જયેશભાઈ સોલંકી અને ધાનેરા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખે વધુ માં એ પણ જણાવ્યું હતું કે અહીંયા લોકો ને સહાય ના નામે માજાગ કરવામાં આવી છે અને રાજકીય કિન્નખોરી કરી લોકોને પૂછી પૂછી ને સહાય આપવામાં આવી છે કે તમે કોંગ્રેસ ને વોટ આપ્યું હતું કે ભાજપ ને અને જ્યાં કોંગ્રેસ ના ઉમેદવાર જીત્યા હોય તેવા વિસ્તાર માં લોકોને હેરાન કરવામાં આવે છે અને સહાય ના નામે માજાગ કરવામાં આવે છે અત્યારે તો લોકો ઉશ્કેરાઈ સરકાર સામે ફિટકાર વરસાવી સરકાર ના ચેક સરકાર ને પરત કર્યા છે પરંતુ સરકાર હવે આ લોકો ને મકાન બનાવવા માટે મદદ રૂપ થશે કે નહિ તે તો સમય જ બતાવશે.

## ધનસુરા તાલુકામાં શૌચાલયના અભાવે મહિલાઓ ક્ષોભ અનુભવે છે

ધનસુરા, તા. ૧૨●૧

ગુજરાતમાં સ્વચ્છતા અભિયાન અને શૌચક્રિયા માટે શૌચાલયનો ઉપયોગ કરવા જોરશોરથી પ્રચાર થઈ ગયો છે. પ્રસિદ્ધ અભિનેતા અભિતાભ બચ્ચન ટી.વી. ચેનલ પર દરવાજા બંધ શૌચાલયનો ઉપયોગ કરવા પ્રચાર કરે છે. અક્ષયકુમાર ટોયલેટ માટે આગ્રહ કરતી જાહેરાત કરે છે. સરકારની આ યોજના માટે જોરશોરથી પ્રચાર થાય છે. સો ટકા શૌચાલયના ટારગેટ અપાય છે. શૌચાલય માટે સહાય પણ મળે છે. ત્યારે ધનસુરા તાલુકાના ૬૦ ટકાથી વધુ ગામો આજે પણ શૌચાલયથી વંચિત છે. સરકારે યોજના જાહેર કર્યા બાદ અધિકારીઓએ ગામે ગામ ઘરે ઘરે ફરી તપાસ કરી ફોર્મ ભરે છે. એક વર્ષથી વધુ સમય થઈ ગયો છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. મહિલાઓ ખુલ્લામાં શૌચક્રિયા માટે જતા ક્ષોભ અનુભવે છે. ખાસ કરીને ચોમાસામાં ચાલુ વરસાદે શૌચક્રિયા માટે મુશ્કેલ બને છે. જે શૌચાલય બન્યા છે તેમાં પણ સોસખાડા ટેન્ડર પ્રમાણે બન્યા ન હોવાનું જાણવા મળેલ છે. ધનસુરા તાલુકામાં અત્યારે કામ શરૂ થાય તેમ જનતા ઈચ્છે છે.

## બામણા ડી.એમ.બી.પી.હાઈસ્કુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

બામણા ડી.એમ.બી.પી. હાઈસ્કુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.વૃક્ષારોપણનો કાર્યક્રમમાં ભિલોડા આર.એફ.ઓ.ની રાહબરી હેઠળ વન વિભાગના કર્મચારીઓ ધ્વારા ૨૦૦ રોપા લાવી શાળા કંપાઉન્ડમાં તેમજ બહારના ભાગમાં શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા રોપવામાં આવ્યા હતા. બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચિમનભાઈ પંડ્યા, શાળા આચાર્ય આર.ડી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળા આચાર્ય આર.ડી. પટેલે વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું.

# મોડાસામાં ૧૦ દિવસના વિરામ બાદ વરસાદી ઝાપટુ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા પંથકમાં જુલાઈ માસના અંતિમ દિવસોમાં મેઘતાંડવથી જનજીવન પ્રભાવિત થયું હતું અને જિલ્લામાં સતત સપ્તાહ સુધી ખાબકેલા ભારે વરસાદથી લોકો રીતસરના તોબા પોકારી ગયા હતા અને મેઘરાજાને થંભી જવા ભગવાનને મનામણાં કરવા લાગ્યા હતા ત્યાર બાદ મેઘરાજાએ વિરામ લેતા ૧૦ દિવસ સુધી વરસાદનું ટીપુંયે ન પડતા જિલ્લા સહીત મોડાસા પંથકમાં બફારા અને ઉકળાટ અને ગરમીનું પ્રમાણ વધતા લોકો તોબા પોકારી ઉઠયા છે. ગુરુવારે સાંજે રાત્રીના સમયે અને શુક્રવારે વરસાદી ઝાપટા પડતા જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.





અરવલ્લી જિલ્લા સહીત મોડાસા પંથકમાં મેઘરાજાએ દસ દિવસથી વિરામ લેતા અને આકાશે વાદળો ઘેરાયેલા રહેતા જિલ્લાના વાતાવરણમાં અસહ્ય બફારો અને ઉકળાટના પગલે જિલ્લાવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને મેઘમહેર થાય તેવી આશા રાખી રાખી રહ્યા છે. પરંતુ આકાશી વાદળો ગોરંભાયા પછી પણ વરસાદ ન પડતા કોરાધોકાળ દિવસે શ્રાવણ મહિનાના પસાર થયી રહ્યા હતા અને શ્રાવણના સરવરીયા અંતિમ દિવસોમાં નહિ થાય તો અતિવૃષ્ટિ પાકના સફાયા બાદ પાણીના અભાવે ખેતીને નુકસાન જવાનો કુદરતનો બેવડો માર તો નહિ પડે ની ચિંતાની લકીરો તણાઈ છે. ત્યારે ગુરુવારે સાંજના-રાત્રી અને શુક્રવારે બપોરે વરસાદી ઝાપટા પડતા ખેડૂતો સહીત જિલ્લાવાસીઓ વાતાવરણમાં ઠંડક પ્રસરતા આનંદ છવાયો હતો લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી મોડાસામાં વરસાદી ઝાપટાથી રોડ ખાબોચિયા ભરાયા હતા.



## ખેડબ્રહ્મામાં પુરાતન વાવની સફાઈ

ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાં આવેલ પુરાતન વાવની સાફ સફાઈ ન થતાં ભાજપા દ્વારા સ્વચ્છતા અભિયાન સાર્થક કરવા શુક્રવારે વાવની સફાઈ કરવામાં આવી હતી. આ પુરાતન વાવમાં હુમડ જૈન અને ખેડવા બ્રાહ્મણોના ૨૭ કુળદેવીઓના ગોખ આવેલ છે જેથી આ વાવ પવિત્ર પણ છે. પરંતુ તેની સાફ સફાઈ ન થતા ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ બ્રીજેશભાઈ પટેલ, ઉપપ્રમુખ હસમુખભાઈ પંચાલ, લીલાબેન સુથાર, મહામંત્રી કમલેશભાઈ જોષી, પ્રવિણસિંહ રાઠોડ સહિતના ૫૦ જેટલા કાર્યકરોએ વાવમાં ઉગી નિકળેલ ઝાડી તથા કચરાની સફાઈ કરી હતી.

## ગાજણ ગામની સીમમાંથી જિલ્લા એલ.સી.બી. પોલીસે આયશર ટ્રકમાંથી ૨.૪૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૧૨

મોડાસા તાલુકાના ગાજણ ગામની સીમમાંથી અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે આયશર-ટ્રકમાંથી ગુરુવાર સાંજના ૭ વાગ્યાના સુમારે ગેરકાયદેસર વગર પાસ પરમિટનો ૨.૪૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. અપેક્ષા મુજબ ટ્રકચાલક અને મદદગારી કરનાર શખ્સ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે ફરાર ચાલક અને મદદગારી કરનાર શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





અરવલ્લી જિલ્લા એલ.સી.બી પોલીસે મોડાસા-શામળાજી રાજ્ય ધોરી માર્ગે પર આવેલા ગાજણ ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા આયશર-ટ્રકનો ચાલક અને અન્ય એક શખ્સ ટ્રક રોડ નજીક ઉભી રાખી ફરાર થયી જતા જિલ્લા એલ.સી.બી પોલીસ આયશર ટ્રક (ગાડી.નં. એચ.આર. ૪૬ડી. ૮૭૩૪)ની અંદર તાપસ કરતા છુપાયેલો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશીદારૂની ૫૦ પેટી કુલ બોટલ દારૂ નંગ-૨૪૦૦ કિંમત રૂ.૨૪૦૦૦૦નો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જિલ્લા એલ.સી.બી પોલીસે ટ્રકની કિંમત રૂ. ૮૦૦૦૦૦ તથા કવરિંગનો સમાન મળી કુલ રૂ. ૧૧૧૪૪૦૦/-નો મુદ્દામાલ ઝડપી પાડી મોડાસા રૂરલ પોલીસને ફરિયાદ સોંપતા પોલીસે આયશર-ટ્રકના ચાલક અને અન્ય મદદગારી કરનાર શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને શખ્સો ને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.



ગુજરાત રાજ્ય રમતગમત યુવા સંસ્કૃતિ વિભાગ દ્વારા અરવલ્લી જિલ્લામાં કલા સંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું બાળકોમાં રહેલી વિવિધ પ્રકારની શક્તિઓ બહાર આવે અને કલા અને સંસ્કૃતિનો વારસો જળવાઈ રહે તે હેતુસર અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે આવેલી નવી આરટીઓ કચેરી ખાતે કલા મહોત્સવનો કાર્યકમ યોજાયો હતો. જેમાં જિલ્લાની વિવિધ સ્કૂલના બાળકો એ ભાગ લઈને પોતામાં રહેલી કલાનું પ્રદશન કરવામાં આવ્યું હતું અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

## મહેસાણા જિલ્લાના ફેર પ્રાઈસ શોપ્સ એસોસીએશને આવેદનપત્ર આપ્યુ

ઊંઝા, તા. ૧૨

ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનની માંગણીઓ સરકાર દ્વારા સંતોષવામાં ન આવતા એસોસિએશનના આદેશ મુજબ આજે મહેસાણા જિલ્લા સહિત તાલુકા મથકોએ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોના સંચાલકોએ સામૂહિક રીતે મામલતદાર કચેરીઓમાં આવેદનપત્ર પાઠવી આગામી માસથી અનાજ, ચોખા, કેરોસીન સહિતના જથ્થાની પરમિટનો સામૂહિક બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે.

ઊંઝા તાલુકાના સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોએ આજે ઊંઝા તાલુકા મામલતદારને એક આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જેમાં જણાવાયું છે કે ગુજરાત રાજ્ય એફ.પી.એસ. અને કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશન અમદાવાદ દ્વારા રાજ્ય સરકારને એક પત્ર દ્વારા અલ્ટીમેટમ આપી જણાવેલ છે કે અમો ડીલર્સની પોષણ ક્ષમતામાં સુધારો થાય તે પ્રકારની વિવિધ માગણીઓ સરકાર દ્વારા છેલ્લા અઢી માસથી સ્વીકારવામાં આવી નથી. તેમજ આ માંગણીઓ સંદર્ભે કોઈ હકારાત્મક જવાબ આપવામાં આવ્યો નથી. જેથી રાજ્ય એસોસિએશન જિલ્લા એસોસિએશનના હોદ્દેદારો સાથે બેઠક યોજી ચર્ચા વિચારણાના અંતે અમો ડીલર્સે ૧૫મી ઓગષ્ટ ૨૦૧૭થી પરમિટનો બહિષ્કાર કરવાનું નક્કી કરેલ છે.

## શામળાજીની એકલવ્ય સ્કૂલને ૧૦૦ ટકા પરિણામ માટે શિલ્ડ એનાયત

શામળાજી, તા. ૧૨

આદીજાતિ વિકાસ વિભાગ દ્વારા એકલવ્ય મોડેલ રેસિડેન્સીઅલ સ્કૂલ શામળાજી-૧ અને સુર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ, ખેરચા શાળાના આચાર્યને ધોરણ-૧૦નું ૧૦૦ ટકા પરિણામ મેળવવા બદલ શીલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો અને આદર્શ નિવાસી શાળામાં ધો. ૧૦ અને ધો. ૧૨માં ઉચ્ચ પરિણામ મેળવવા બદલ પ્રશસ્તિ પત્ર આપીને શાળાના આચાર્યનું સન્માન કરવામાં આવ્યું હતું. તથા ધી લુસડીયા હાઈસ્કૂલ, તા. ભિલોડાના પીનલ સુવેરા, અર્ચના સુવેરા રાજ્યક્ષેત્રે તીરંદાજીની સ્પર્ધામાં અર્જુનગીરી કરી ગોલ્ડ મેડલ મેળવવા બદલ અને કિંજલબેન, કલ્પેશભાઈ, ચેતનભાઈ રમતવીરોને પણ પ્રશસ્તિ પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતુ. આદિવાસી સમાજમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ, કલાકાર રમતવીરોને પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત કરી ઉજ્જવળ ભવિષ્યની પ્રયોજના વહિવટદાર આર.કે. પટેલ દ્વારા શુભેચ્છા વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી જાહેર કરવામાં આવી હતી.

## ખેડબ્રહ્મામાંથી બે બાઈક ચોરાયા

ખેડબ્રહ્મામાં રહેતા કુમુદચંદ્ર માધવલાલ રાવલ ગુરૂવાર સાંજના ૪ કલાકે બસ સ્ટેશન ગયા હતા અને પોતાનુ બાઈક નં. જીજે૯.સીએલ. ૯૪૬૩ પાર્ક કરી અંદર ગયા હતા જે થોડી વારમાં પરત ફરતા બાઈક ચોરાઈ ગયુ હતુ. જ્યારે સ્ટેશન વિસ્તારમાં ઓમ બંગ્લોમાં રહેતા મહેતા વિનોદકુમાર મોહનલાલનુ ઘર આગળ પાર્ક કરેલ એકટીવા જીજે.૯. એપી. ૦૯૯૩ને કોઈ ચોર ચોરી ગયા હતા.

## મોડાસાની સરસ્વતી પ્રાથમિક શાળામાં સંસ્કૃતનું વ્યાખ્યાન યોજાયું

દેવ ભાષા અતીપ્રાચીન સંસ્કૃત આમ બોલવાના વ્યવહારમાં લુપ્ત થતી જાય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના સંસ્કૃત સપ્તાહનું આયોજન વી.એ. શાહ પ્રા. શાળા (સરસ્વતી ડીપ) ખાતે બાળકોમાં બાળકો અને શિક્ષકોને સંસ્કૃત વિશે જાણકારી આપવા શામળાજી કોલેજના સંસ્કૃત અધ્યાપક ડૉ. મધુસુદન વ્યાસનું વ્યાખ્યાન યોજાયુ જેમાં સંસ્કૃતના સુભાષીતો, બાળ વાર્તાઓ, મહાભારતના શ્લોકો જે આમ આદમીના જીવનમાં ઉપયોગી છે તેવા શ્લોકો બાળકો શિક્ષકોને સંભળાવ્યા હતા. સંસ્થાના પ્રમુખ નીલેશ જોષીએ પણ પ્રાસંગીક ઉદબોધનમાં સંસ્કૃતનું મહત્વ વર્ણવ્યુ હતુ. ટ્રસ્ટી નવનીત પરીખે પણ હાજરી આપી હતી.



## ભિલોડા જ્ઞાન તપોવન વિદ્યા મંદિર ખાતે જન્માષ્ટમી ઉજવાઈ

અરવલ્લી આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ સંચાલિત ભિલોડા જ્ઞાન તપોવન વિદ્યા મંદીરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી યોજાઈ હતી. શાળાના બાળકો બાલ કૃષ્ણ, રાધા, સુદામા, બાલ ગોવાળીયાના વેશમાં તૈયાર થઈ આવ્યા હતા. શાળાના પટ્ટાંગણમાં વિવિધ નૃત્ય, રાસ, નાગ દમન અને મટકીફોડ જેવા કાર્યક્રમો યોજાયા હતા. અરવલ્લી આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ પ્રમુખ પ્રકાશભાઈ સડાતના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

## મોડાસા ટાઉનહોલમાં મહિલા શિબિરનું આયોજન

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લા સુરક્ષા સોસાયટી ધ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત મહિલા કાનૂની જાગ્રીતી દિવસ નિમિતે વિના મુલ્યે મહિલાઓને અધિકાર આપતા કાયદા અને વિવિધ જોગવાઈઓ અંગે જાણકારી આપતો સેમીનાર મોડાસા ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં મહિલાઓમાં વધુ જાગૃતિ આવે તે માટે અલગ અલગ કાયદાના નિષ્ણાતો ધ્વારા મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં જીલ્લા પોલીસ વડા અને કાયદાના નિષ્ણાતો અને મહિલા આગેવાનો હાજર રહી કાર્યકમને સફળ બનાવ્યો હતો.

## હિંમતનગરમાં સુરક્ષા સેતુ દ્વારા મહિલા પરિસંવાદ યોજાયો

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલમાં શનિવારે મહિલા



સશક્તિકરણના ચાલી રહેલ પખવાડિયાની ઉજવણીને લઈને સાબરકાંઠા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે મહિલા કાનૂની જાગૃતિ દિવસ અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના પોલીસ વડા પી.એલ. માલ, જીલ્લા કલેક્ટર પી. સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં જિલ્લાભરની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલી મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. તો આ પ્રસંગે જિલ્લામાં શિક્ષણક્ષેત્રે, પશુપાલન અને સામાજિક પ્રવૃત્તિમાં મોખરે રહેલ વિદ્યાર્થી અને મહિલાનું સન્માન કરવામાં આવ્યું હતું. તો બીજી તરફ સર્વોદય મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ બાળ ભ્રૂણ હત્યા ના કરવી જોઈએ અને સમાજમાં મહિલાનું શું મહત્વ હોય છે તે સમજ આપતુ નાટ્ય રજુ કર્યુ હતુ.